| GJPM170003032026 | | રજુ તારીખ : | ૨૫/૦૨/૨૦૨૬ |
|---|---|---|---|
| | | દાખલ તારીખ : | ૨૫/૦૨/૨૦૨૬ |
| | | ફેંસલ તારીખ : | ૦૯/૦૩/૨૦૨૬ |
| | | સમય ગાળો : | વર્ષ:૦૦, માસ:૦૦, દિન:૧૨ |

**હાલોલના મહે. ત્રીજા એડીશનલ સેશન્સ જજશ્રીની કોર્ટમાં, પંચમહાલ, મુકામ : હાલોલ.**

**ફોજદારી પરચુરણ અરજી નં.૯૧/૨૦૨૬**
આંક :- ૦૬

**સલમાન એહમદહુસેન ભોળા,**
ઉ.વ.આ.૨૪, ધંધો:મજુરી,
રહેવાસી:વેજલપુર નાના મહોલ્લા,
તા.કાલોલ, જિ.પંચમહાલ.
(હાલ સબ જેલ ગોધરા) .....અરજદાર.

વિરૂધ્ધ ......

ધી સ્ટેટ ઓફ ગુજરાત .....સામાવાળા.

**બાબત:- ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ: ૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી.**

અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી એસ.એસ.સૈયદ
સામાવાળા શ્રી સરકાર તરફે વિદ્વાન સ્પે.એ.પી.પી.શ્રી જે.એ.પાઠક

**<u>-: ચુ કા દો :-</u>**

(૧). અત્રે અરજદાર/આરોપી વેજલપુર પોલીસ સ્ટેશન પાર્ટ બી ગુ.ર.નં.૧૧ ૨૦ ૭૦૭૬૨૫૦૭૨૦/૨૦૨૫ ગુજરાત પશુ સંરક્ષણ સુધારા અધિનિયમ ૨૦૧ ૭ની કલમ-૮(૨), ૮(૪), ૧૦ તથા ભારતીય ન્યાય સંહિતાની કલમ-૩૨૫

તથા જી.પી. એકટ કલમ–૧૧૯ મુજબના ગુન્હાના કામે આરોપી છે, જેઓ સદરહુ ગુન્હાના કામે હાલ જયુડીશીયલ કસ્ટડીમાં હોઈ, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ:૪૮૩ અન્વયે રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી કરેલ છે.

(૨). આક્ષેપિત ગુન્હાની હકીકત:–

આક્ષેપિત બનાવમાં તા.૩/૧૧/૨૦૨૫ના ક.૪:૨૦ થી તા.૩/૧૧ /૨૦૨૫ ના ક.૧૧:૪૫ વાગ્યા દરમ્યાન મોજે કાલંત્રા ચીમનાપુરા ગામની સીમમા મોટા તળાવની પાછળના ભાગે ખુલ્લા ખેતરમાં આ કામના આરોપી નં. (૧) હાલના અરજદાર આરોપી સલમાન હસન ભોળા તથા આરોપી નં. (૨) સોહેલ અહેમદ પાઠવા તથા કા.સ. બાળક નં.૩ ઈરફાન ઈલ્યાસ સાજી, ઉ.વ.૧૭ના ઓએ ભેગા મળી ગૌવંશ લાવી તેનુ ચોરી છુપીથી ક્રૂરતા પુર્વક કતલ કરી ગૌવંશ કતલ કરવાના સાધનો તથા અન્ય ચીજ વસ્તુઓ મળી કિ.રૂા.૩૫,૫૫૦/– તથા ગૌમાંસ કુલ ૨૫૦ કિલો કિ.રૂા.૫૦,૦૦૦/– મળી કુલ કિં.રૂા.૮૫,૫૫૦/–ના મુદ્દામાલ સાથે આરોપી નં.૨ સોહેલ અહેમદ પાઠવા તથા કા.સ.બા. નં.૩ ઈરફાન ઈલયાસ સાજી, ઉ.વ.૧૭ નાઓ સ્થળ ઉપરથી પકડાઈ જઈ અને હાલનો અરજદાર આરોપી સલમાન હસન ભોળા રેઈડ દરમ્યાન નાસી જઈ ગુન્હો કરેલ હાવોનો આક્ષેપ છે.

(૩). અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ.એસ.સૈયદએ અરજી તથા ફરિયાદ હકીકત વંચાણે લઈ, અરજી મુજબ દલીલ કરેલ છે અને વધુમાં, દલીલ કરતા જણાવેલ છે કે, તા.૩/૧૧/૨૦૨૫ ના રોજ બાતમી મળેલ

કે ગૌવંશનુ કત્લ કરે છે ત્યા જતા ત્રણ ઈસમો દેખાય છે તેવુ એલીગેશન છે તેમાંથી એક ઈસમને જુવેનાઈલ કોર્ટે બેલ આઉટ કરેલા છે. ફરિયાદના કામે ખુલાસો નથી કે આરોપીને કઈ રીતે ઓળખતા હતા. હાલના આરોપી સ્થળ પરથી ભાગ્યા નથી કે જગ્યા માલિકીની નથી કે વાહન અરજદારના નામનુ નથી. અગાઉ અન્ય આરોપીઓની ચાર્જશીટ પહેલા અને બાદ જામીન અરજી નામંજુર કરેલી છે. અગાઉ નોંધાયેલા ગુના પૈકી એક ગુનામા નિર્દોષ છોડી દીધેલ છે અને એક જ ગુનો પેન્ડીંગ છે. હાલના કેસમા ચાર્જશીટ થઈ ગયેલ છે. હવે, આરોપીની જરુર નથી મેઈન એકયુઝ જેવો હાલના આરોપીનો રોલ નથી. સાહેદોને તોડીશુ ફોડીશુ નહી. હાલના આરોપી પશુઓને લાવ્યા હોવાની હકીકત રેકર્ડ ઉપર લખેલી નથી. હાલના આરોપીને કઈ રીતે ઓળખતા હતા તે બાબતે ચાર્જશીટમા કયાંય ખુલાસો નથી. સ્થળ પરથી જે પશુઓ મળ્યા છે તે અંગે ડાંકટરના કોઈ પ્રાઈમરી રીપોર્ટ સાથે ફરિયાદ નોંધાયેલ નથી. હાલના આરોપીનો અન્ય આરોપી સાથે કોઈ સબંધ હોવાનો કોઈ પુરાવો નથી. આરોપીની મિલકતો સ્થાનિક કક્ષાએ આવેલી છે માટે નાસી ભાગી જશે નહી. નામ.કોર્ટની તમામ શરતોનુ પાલન કરીશુ. વધુમાં, પોલીસે તપાસ પુર્ણ કરી આરોપી વિરુધ્ધ ચાર્જશીટ ફાઈલ કરી દીધેલ હોય તપાસ પુર્ણ થવાથી સંજોગો બદલાયેલા હોય અને આરોપી સાડા ૩ માસથી જયુડીશીયલ કસ્ટડીમા હોય અરજદાર આરોપી ને શરતોને આધીન જામીન મુકત કરવા અરજ કરેલ છે.

(૪). સામાવાળા સરકાર તરફે વિ.સ્પે.પી.પી.શ્રી પાઠકનાઓએ જામીન અરજીનો વિરોધ કરતા રજુઆત કરેલ છે કે, પોલીસને બાતમી મળી છે તે જગ્યાએથી હાલના આરોપી રેઈડ દરમ્યાન નાસી ગયેલ છે. ગુનાવાળી

જગ્યાએથી ગૌમાંસનો જથ્થો તેમજ ગૌવંશ કત્લ કરવાના સાધાનો તેમજ અન્ય ચીજ વસ્તુઓ કબજે થયેલ છે. ચાર્જશીટ કરવામા આવેલ હોય ત્યારે આરોપી વિરુધ્ધ ગુન્હા સબબનો પુરાવો હોવાનુ માનવાનુ કારણ રહે છે. જેથી જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

(૫). આ કામે સ્વીકૃત હકીકત મુજબ, આરોપી વિરુધ્ધ ચાર્જશીટ દાખલ થઈ ગયેલ હોય, બાદની આ પ્રથમ રેગ્યુલર જામીન મેળવવા હાલની અરજી દાખલ કરેલ છે.

(૬). બંને પક્ષકારો તરફે કરવામાં આવેલ રજુઆત, અરજદારની હાલની અરજીમાં જણાવેલ હકીકતો, અરજી સાથે રજુ કરેલ દસ્તાવેજી પુરાવા, તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ તથા તપાસના કાગળો વંચાણે લીધાં.

(૭). આ કામે અરજદાર તરફે વિ.શ્રીએ તેમના સમર્થનમાં,

(૧) નામ.સુપ્રિમ કોર્ટના ૨૦૧૧(૧) સીસીઆર પેજ નં.૧૩૨ સ્ટેટ ઓફ કેરેલા

(૨) નામ.સુપ્રિમ કોર્ટના પ્રભાકર તિવારી વિ.સ્ટેટ ઓફ યુ.પી.

(૩) નામ.સુપ્રિમ કોર્ટના ભગીરથસિંહ જાડેજા વિ.સ્ટેટ ઓફ ગુજરાત

(૪) નામ.સુપ્રિમ કોર્ટના સંજય ચંદ્રા વિ.સી.બી.આઈ.

-ના ચુકાદાઓનો આધાર લઈ, અરજદાર/આરોપીને જામીન મુકત કરવા રજૂઆત કરેલ છે. આ સબંધે અત્રેની અદાલતે ઉપરોકત ચુકાદાઓને માનસહ વંચાણે લીધેલ છે અને સામાન્ય સંજોગોમા કાયદાનો એ પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે જામીન એ નિયમ અને જેલ એ અપવાદ છે. પરંતુ જે પ્રકારે આ કામે વેજલપુર પોલીસ સ્ટેશનના પો.ઈ.ને આરોપીઓના નામ જોગ બાતમી

મળી છે અને બાતમી વાળી જગ્યાએથી ગૌમાંસ તથા કતલ કરવાના સાધનો તથા અન્ય ચીજવસ્તુઓ સાથે બે આરોપીઓ મળી આવેલા છે અને તેઓની પુછપરછ દરમ્યાન હાલના આરોપી સહીત ત્રણેય જણા ભેગા મળી બળદનુ કત્લ કરેલ હોવાનુ અને તેના માંસના ટુકડાઓ કરતા દરમ્યાન પોલીસ માણસો આવી જતા સલમાન (હાલના અરજદાર)ભાગી ગયેલ હોવાનુ જણાવ્યુ છે. તે જોતા હાલના અરજદાર આરોપીનો ઈરાદો ગૌવંશનુ કતલ કરી માંસનો વેચાણ કરવાનો હતો તે સ્પષ્ટ થાય છે તે હકીકતને ધ્યાને લેતા, ઉપરોકત ચુકાદાઓ આરોપીને મદદરુપ થાય તેમ નથી આ કામે અત્રેની અદાલતને મળેલ વિવેકબુધ્ધિની સત્તા હાલના તબકકે આરોપીની તરફેણમા વાપરવી ન્યાયોચિત જણાતી નથી.

(૮). વધુમાં, અરજદાર આરોપી તફે વિ.વ.શ્રીએ રજૂઆત કરેલ છે કે આ કામે તપાસ પુર્ણ થઈ ગયેલ છે અને ચાર્જશીટ થઈ ગયેલ છે જેથી બદલાયેલા સંજોગોમા હાલની જામીન અરજી મંજુર કરવી જોઈએ. આ સબંધે આ કામે સામાવાળા શ્રી સરકાર તરફે રજુ કરેલ નામદાર સર્વોચ્ચ અદાલતના**Virupakshappa Gouda V/s. State of Karnataka 2017 (5) SCC 406** ના ચુકાદાના પેરા.૧૩ વંચાણે લેતા એવુ પ્રસ્થાપિત કરેલ છે કે,

> 13.On a perusal of the order passed by the learned trial Judge, we find that he has been swayed nutje factum that when a charge-sheet is filed it amounts to change of circumstance. Needless to say, filing of the charge-sheet does not in any manner lessen the allegations made by the prosecution. On the contrary, filing of the charge-sheet establishes that after due investigation agency, having found materials, has placed the cahrge-sheet for trial of the accused persons.

(૯). આમ, ઉપરોકત ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ માત્ર ગુન્હાનુ ચાર્જશીટ થવાથી જ બદલાયેલા સંજોગો ગણાય નહી, પરંતુ, જયારે ચાર્જશીટ કરવામાં આવેલ હોય ત્યારે આરોપી વિરુધ્ધ ગુન્હા સબબનો પુરાવો હોવાનુ માનવાને કારણ રહે છે. આ સંજોગોમાં અરજદારના વિધ્વાન વકીલશ્રીની આ દલીલ સ્વીકારવા પાત્ર જણાતી નથી.

(૧૦). ગુજરાત પશુ સંરક્ષણ અધિનિયમની ૧૯૫૪ની કલમ-૬માં ગુજરાત એકટ નં.૧૮/૨૦૧૭ થી તા.૪/૯/૨૦૧૭ ના રોજથી અમલી બનેલ કલમ-૬(ખ) મુજબનો હોય કે જેમા કોઈપણ વ્યકિતને પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે કોઈપણ સ્વરુપમા ગૌમાંશ અથવા ગૌમાંશની બનાવટો વેચવા, રાખવા, સંગ્રહ કરવા કે તેની હેરફેર ઉપર પ્રતિબંધ ફરમાવેલ છે અને કોઈપણ વ્યકિત તેના વેચાણની અથવા તો તેની ખરીદીની તૈયારી બતાવી શકશે નહી કે તેને પ્રદર્શિત કરી શકશે નહી. હાલના અરજદાર આરોપી સામેના આક્ષેપિત ગુના સબબ કાયદાની કલમ-૫(૧-ક)મા જોવામા આવે તો તેમા નિર્દિષ્ટ કરેલા પશુઓ એટલે કે ગૌ-વંશ છે અને તેનુ માંસ પકડાયેલ છે તે જોતા તેમજ કલમ-૬(ખ)ની જોગવાઈ જોતા કલમ-૫(૧-ક) મા નિર્દીષ્ટ કરેલા પશુઓનો સમાવશે હાલના ગુનાના કામે થયેલ છે. આમ, રેકર્ડ ઉપરથી હકીકત જોતા આરોપીનો ઈરાદો ગૌ-વંશનુ કતલ કરી, માંસનો વેચાણ કરવાનો હતો તે સ્પષ્ટ થાય છે.

(૧૧).તપાસના કાગળોમાંથી પશુચિકિત્સા અધિકારી, પશુદવાખાના કાલોલનો પ્રાથમીક રીપોર્ટ વંચાણે લેતા, મળી આવેલ માંસ તે ગૌ-વંશ તરીકે ઓળખાયેલ છે. તપાસ દરમ્યાન આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો મળતા

ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ હોય અને ચાર્જશીટ ફાઈલ થવા માત્રથી આરોપી વિરુધ્ધના કેસના ગુણદોષમાં કોઈ સંજોગો બદલાયેલા હોય તેવો લેશમાત્ર પુરાવો અરજદાર આરોપી તરફે રેકર્ડ ઉપર લાવવામાં આવેલ ન હોય, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ની કલમ–૪૮૩ અન્વયે મળેલ વિવેકાધિન સત્તાનો ઉપયોગ કરી અરજદાર/આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવાનુ ન્યાયી અને ઉચીત જણાય આવતુ ન હોય, ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

– અરજદાર/આરોપીની ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા ૨૦૨૩ની કલમ:૪૮૩ અન્વયેની રેગ્યુલર જામીન અરજી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજ તા.૯મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

હાલોલ. (**ભરત દાનાભાઈ પરમાર**)
તા.૦૯–૦૩–૨૦૨૬ ત્રીજા એડીશનલ સેશન્સ જજ, પંચમહાલ, હાલોલ.
( UNIQ I.D.No.GJ00759 )